# ટેક્સટાઈલ મશીનરી પરથી BISના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર ઉઠાવાયા

**કેન્દ્રના** ભારે ઉદ્યોગ મંત્રાલયે 1 એપ્રિલ-2026 થી વિવિંગ, એમ્બ્રોઈડરી મશીનરી પર BIS ના QCO લાગુ કરવાનો નિર્ણય પરત ખેંચ્યો

સુરત : ચીન સાથેના સંબંધોમાં થયેલા સુધાર પછી ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા વિવિંગ, એમ્બ્રોઈડરી સહિતની ટેક્સટાઈલ મશીનરી અને ઈલેક્ટ્રિકલ સાધનો પર 1 એપ્રિલ 2026 થી લાગુ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) ના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (QCO) સંપૂર્ણ પણે ઉઠાવી લેવાનો નિર્ણય લેવાતા સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં આનંદ છવાયો છે. કેન્દ્રના ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા એને લગતું ગેઝેટ આજે પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ વિજય મેવાવાલા અને આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા કેન્દ્રના ભારે ઉદ્યોગ મંત્રી કુમાર સ્વામી દેવેગોડા, ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજસિંહ અને મનસુખ માંડવિયા, અને સીઆર.પાટીલને રજૂઆત કરી હતી. અમે સરકારને સમજાવ્યું હતું કે, MMF આધારિત સુરત સહિત દેશના ટેક્નોલોજી અપગ્રેડેશનથી ટેક્સટાઈલ ક્ષેત્રમાં એક્સપોર્ટ લાયક ક્વોલિટી ફેબ્રિકનું તો ઉત્પાદન થાય જ છે. પણ મૂડી રોકાણ વધતા નવી રોજગારી પણ વધે છે. ટેક્સટાઈલ મશીનરી પર સપ્ટેમ્બર 2026 થી BIS નો QCO જાહેર થયો હોવાથી વિવિંગ ઉદ્યોગમાં ચિંતાનો માહોલ હતો. સરકારે અમારી રજૂઆતો સ્વીકારી યાર્ન અને યાર્નના રો મટોરિયલ પછી હવે ટેક્સટાઈલ મશીનરી પરથી BIS ના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર નવી સૂચના ન અમલ ત્યાં સુધી ઉઠાવી લેવાનો નિર્ણય લીધો છે. અને એને લગતું નોટિફિકેશન પણ પ્રસિદ્ધ કરી દીધું છે. અમારું માનવું છે કે, આ કિંમતને લીધે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં ટેક્નોલોજી અપગ્રેડેશન, મૂડી રોકાણ અને રોજગારી વધશે.

ફોગવાના પ્રમુખ અને ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ટેક્સટાઈલ મશીનરી પર લાગુ કરવામાં આવેલા OTR ઓર્ડર (QCO), લાગુ થાય એ પહેલા ગેઝેટ પ્રસિદ્ધ કરી રદ કરી દેવામાં આવ્યું છે. 80% મશીનરી ચીનથી આયાત થાય છે. બાકીની 20% જર્મની, જાપાન, ઈટાલી, તુર્કી, ઈન્ડોનેશિયાથી આવે છે.

### આયાતી મશીનરી પરથી અંકુશો ઊઠતા વિવિંગ ઉદ્યોગમાં એક્સપાન્શન વધશે : મયૂર ગોળવાલા

સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી અને ટેક્સટાઇલ મશીનરીના વેપાર સાથે સંકળાયેલા મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, આયાતી મશીનરી પરથી અંકુશો ઊઠતા વિવિંગ ઉદ્યોગમાં એક્સપાન્શન વધશે. ચેમ્બર, ફીઆસવી અને ફોગવાની સતત રજૂઆતોને લીધે વિવિંગ ઉદ્યોગ માટે સારો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયને લીધે સુરત જિલ્લામાં પલસાણા, માંડવી, સાયણ વિસ્તારમાં જે ટેક્સટાઇલ પાર્ક અને ઇન્ડસ્ટ્રીયલ ખાલીખમ પડ્યા હતા એમાં શેડ વેચાણમાં બૂમ આવે એવી શક્યતા છે. ગુજરાતની ટેક્સટાઇલ પોલિસી, ઇન્ડસ્ટ્રીયલ પોલિસી અને કેન્દ્રની પીએલઆઇ સ્કીમની સબસિડી યોજનાનો લાભ લેનારા વધશે. ટેક્નોલોજી અપગ્રેડેશન ફરી જોરમાં થશે. અમારા અંદાજ મુજબ વોટરજેટ, એર જેટ, રેપિયર - જેકાર્ડ, એમ્બ્રોઇડરી મળી દર મહિને 1000 થી 1200 મશીનરીના શિપમેન્ટ સુરત આવશે.

# પ્રદેશ ભાજપ કારોબારીમાં સુરતના નેતાઓનો સમાવેશ સૂચક

**પૂર્વ** સાંસદ દર્શના જરદોષ, પૂર્વ શહેર પ્રમુખ નિરંજન ઝાંઝમેરા, પૂર્વ મેયર ડો. જગદીશ પટેલ, હેમાલી બોઘવાળા, પૂર્વ શહેર મહામંત્રી દામજી માવાણી, વિનય શુક્લા, રાજુ પ્રિયદર્શી, પૂર્વ યુવા મોરચા પ્રમુખ કરશન ગોંડલિયાનો સમાવેશ

સુરતઃ પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની નિમણૂક બાદ તેમણે જાહેર કરેલી નવી પ્રદેશ કારોબારી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. ખાસ કરીને સુરતમાંથી જે નેતાઓને કારોબારીમાં સ્થાન આપવામાં આવ્યું છે, તે વર્તમાન સંગઠન સમીકરણો અને શક્તિ સંતુલન દર્શાવતું માનવામાં આવી રહ્યું છે.

પ્રદેશ કારોબારીમાં સુરતમાંથી પૂર્વ સાંસદ દર્શના જરદોષ, પૂર્વ શહેર પ્રમુખ નિરંજન ઝાંઝમેરા, પૂર્વ મેયર ડો. જગદીશ પટેલ, હેમાલી બોઘવાળા, પૂર્વ શહેર મહામંત્રી દામજી માવાણી, વિનય શુક્લા, રાજુ પ્રિયદર્શી તેમજ પૂર્વ યુવા મોરચા પ્રમુખ કરશન ગોંડલિયાનો સમાવેશ કરાયો છે. રાજકીય નિરીક્ષકોના મતે નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની કારોબારીમાં સમાવાયેલા ચહેરાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સંગઠનમાં વિવિધ શક્તિકેન્દ્રોનું સંતુલન સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સુરતમાંથી સામેલ કરાયેલા નેતાઓમાં પૂર્વ સાંસદ દર્શના જરદોષ તેમજ આનંદીબેન પટેલની નજીક માનાતા હેમાલી બોઘવાળા, જ્યારે કેન્દ્રીય મંત્રી પૂર્ણેશ મોદીની નજીક માનાતા દામજી માવાણી, રાજુ પ્રિયદર્શી, કરશન ગોંડલિયા અને વિનય શુક્લા જેવા નામોનો સમાવેશ નોંધપાત્ર માનવામાં આવી રહ્યો છે. આ સાથે જ પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના વિશ્વાસુઓ પૈકી ગણાતા નિરંજન ઝાંઝમેરાને કારોબારીમાં સ્થાન આપી સંગઠનાત્મક 'બેલેન્સ' સાધવાનો પ્રયાસ કરાયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. કુલ મળીને જગદીશ વિશ્વકર્માની નવી પ્રદેશ કારોબારી માત્ર હોદ્દેદારોની યાદી નથી, પરંતુ આવનારા દિવસોમાં ભાજપના સંગઠન અને રાજકીય દિશાસૂચક સંકેત તરીકે પણ જોવામાં આવી રહી છે.

# TP 35માં શાળા બનાવવા 100થી વધુ સોસાયટીની માંગ

**નવી** જગ્યાએ સુમન સ્કૂલ બને તો વિદ્યાર્થીઓને ઓટો અને સ્કૂલ વાનનો ખર્ચ કરવો નહીં પડે



સુરતઃ સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોનમાં સુમન શાળાના નિર્માણને લઈને વિવાદ વધુ તીવ્ર બન્યો છે. એક તરફ ટી.પી. 50માં શાળા બનાવવાનો વિરોધ ઊભો થયો છે તો બીજી તરફ ટી.પી. 35માં શાળા બનાવવાની તરફેણમાં સ્થાનિક રહીશો અને ભાજપ સંગઠનના હોદ્દેદારો ખુલ્લેઆમ સામે આવ્યા છે. આજે મેયર દક્ષેશ માવાણીને મળીને વોર્ડ નં.7 અને 8ની 100થી વધુ સોસાયટીના પ્રમુખોએ એકસુરે રજૂઆત કરી છે કે ટી.પી.૩૫માં શાળાનું સ્થળ વધુ યોગ્ય છે. જો અહીં શાળા બને તો ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને સ્કૂલ વાન કે ઓટોરિક્ષાનો વધારાનો ખર્ચ કરવો નહીં પડે અને તેમને પોતાના વિસ્તારમાં જ શિક્ષણ સુવિધા મળશે, તેવી દલીલ રજૂ કરવામાં આવી છે. સોસાયટીના પ્રતિનિધિઓએ નવી જગ્યાએ શાળાનું બાંધકામ યથાવત રાખવાની માંગ પણ કરી છે.

ઉલ્લેખનીય છે કે ટી.પી.50 ની જગ્યાએ ટી.પી.35 માં સુમન શાળા બનાવવા અંગે રજૂ થયેલી દરખાસ્તને સ્થાયી સમિતિએ મુલતવી રાખતા હાલ શાળાનું બાંધકામ અટકાવી દેવાયું છે. આ નિર્ણય બાદ સમગ્ર મામલો રાજકીય અને સંગઠનાત્મક ચર્ચાનો વિષય બની ગયો છે. આ દરમિયાન વોર્ડ નં.7માં મૂળ નક્કી કરેલી જગ્યાએ શાળા બનાવવાના વિરોધમાં સ્થાનિક રહીશો અને ભાજપ સંગઠનના હોદ્દેદારોએ મેયર દક્ષેશ માવાણીને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેના પગલે રાજકીય વર્તુળોમાં વિવિધ તર્ક-વિતર્ક અને અટકળો ચાલી રહી છે. 100 જેટલી સોસાયટીના રહીશોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે ટી.પી.50માં એફ.પી.94 ખાતે પ્લે ગ્રાઉન્ડ માટે આરક્ષિત જગ્યાએ શાળા બનાવવાનું પાલિકાએ નક્કી કર્યું છે, જે યોગ્ય નથી. આ વિસ્તારના મોટાભાગના રહીશોના બાળકો ઈંગ્લિશ મીડિયમ અને સીબીએસઈ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરે છે અને તેઓ શાળાની ફી પણ ભરવાની ક્ષમતા ધરાવે છે. તેથી અહીં શાળાના બદલે પ્લે ગ્રાઉન્ડ અને ગાર્ડન વિકસાવવામાં આવે તો વિસ્તારના લોકો માટે વધુ લાભદાયક રહેશે, તેવી માંગ ઉઠાવવામાં આવી છે. આ સાથે વોર્ડ નં.7 ભાજપ સંગઠનના પ્રમુખ, મહામંત્રી તેમજ માજી પ્રમુખ સહિતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સ્થાનફેર બદલ અગાઉ થયેલી કોઈપણ રજૂઆત અંગે સ્થાનિક રહીશો કે સંગઠનના હોદ્દેદારોને જાણ નથી.

## આઇએસપીએલ ટુર્નામેન્ટમાં અજય દેવગણે હાજરી આપી



સુરતના લાલભાઇ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ચાલી રહેલી આઇએસપીએલમાં ફિલ્મ સ્ટાર અજય દેવગણે હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. (તસવીર : હેમંત ડેરે)

# કોર્ટ બિલ્ડિંગ મુદ્દે સુરત વકીલ મંડળની CR પાટીલને દિલ્હીમાં રજૂઆત

**નવી** કોર્ટ બિલ્ડિંગ માટે વકીલ મંડળે ફરી મરઘા કેન્દ્રવાળી જગ્યાની માંગ ઉઠાવી



સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળના પદાધિકારીઓએ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી સી આર પાટીલને મળીને ફરીથી નવી કોર્ટ બિલ્ડિંગ માટે મરઘા કેન્દ્રની જગ્યાની માંગણી કરી સરકાર દ્વારા આ મુદ્દે ઝડપથી કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. અત્રે નોંધનીય છે કે સુરત જિલ્લા વકીલ મંડળે કલેક્ટરથી લઈને ચીફ જસ્ટિસ સહિત સરકારમાં અનેક વખત રજૂઆત કરી હતી, આંદોલન પણ કરાયું હતું. લાંબા સમયથી વકીલોની આ માંગ સંદર્ભે હજુ સુધી સરકાર તરફથી હકારાત્મક વલણ નજરે પડ્યું ન હતું. આજે ફરીથી વકીલ મંડળે રજૂઆતનો દૌર શરૂ કરી દીધો છે. સુરત જિલ્લા વકીલ મંડળનાં પ્રમુખ ઉદય પટેલ, મંત્રી મુકુંદ રામાણી, સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ, વકીલ જતીન ગાંધી સાથેનું એક પ્રતિનિધિ મંડળ દિલ્હી પહોંચી જઈ કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલને મળીને સુરત જિલ્લા ન્યાયાલય માટે મરઘા કેન્દ્રની જમીન ફાળવવા માટે તેમજ કેન્દ્ર સરકારે નિમેલા નોટરીના પ્રશ્નોની રજૂઆત કરી હતી. આ મુદ્દે કેન્દ્રીય મંત્રીએ સકારાત્મક અભિગમ દાખવી મુખ્યમંત્રીને રૂબરૂમાં વાત કરી સત્વરે નિર્ણય જાહેર કરવાની સાંત્વના આપી હતી. તેમજ નોટરીના પ્રશ્ન સંબંધે સી.આર. પાટીલે પી.એ.ને બોલાવી તાત્કાલિક કાયદા મંત્રીને ભલામણ કરવા સૂચના આપી હતી. નોંધનીય છે કે સુરત જિલ્લા વકીલ મંડળની નવી ટીમે પદભાર સંભાળ્યાં બાદ તુરંત સુરત ખાતે કેન્દ્રીય જળશકિત મંત્રી સીઆર પાટીલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જ્યારે દિલ્હી ખાતેની આ મુલાકાત સફળ રહી હોવાનું વકીલ મંડળે જણાવ્યું હતું.

# RTO કચેરીમાં એજન્ટોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો

**આરટીઓ** એચ.એમ. પટેલના કડક નિર્ણયથી દિવસભર અફરાતફરી

સુરત :સુરત આરટીઓ કચેરીમાં સોમવારે એજન્ટોના પ્રવેશ પર અચાનક રોક લગાવવામાં આવતા સમગ્ર દિવસ દરમિયાન ઊહાપોહનો માહોલ સર્જાયો હતો. આરટીઓ અધિકારીએ સરકારી કચેરીમાં એજન્ટોના પ્રવેશ મુદ્દે કડક વલણ અપનાવતા સિક્યુરિટી ગાર્ડ્સને સ્પષ્ટ સૂચના આપી હતી કે કોઈપણ એજન્ટને કચેરીમાં પ્રવેશ ન આપવા. આ સૂચનાના પગલે કચેરી ખૂલતાની સાથે જ ગેટ પર તૈનાત સિક્યુરિટી સ્ટાફ એલર્ટ થઈ ગયો હતો અને એકપણ એજન્ટને અંદર પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

નિયમિત કામકાજ માટે આવેલા એજન્ટોને ગેટ પર જ અટકાવવામાં આવતા તેઓ આરટીઓ કચેરીની બહાર જાહેર રસ્તા પર એકત્ર થઈ ગયા હતા અને આખો દિવસ ત્યાં જ અડીંગો જમાવીને બેસી રહ્યા હતા. એજન્ટોના પ્રવેશ પર પાબંધી લાદાતા કચેરીની અંદર સન્નાટો જોવા મળ્યો હતો, જ્યારે બહાર નિર્ણયને લઈને એજન્ટોમાં અસંતોષ ફેલાયો હતો. ચર્ચા એવી છે કે, વડોદરાથી બદલી પામી આવેલા અધિકારીઓ સુરત બહારના એજન્ટો,ફોલ્ડરિયાઓને કામ આપવા માંગે છે.

આરટીઓ એચ.એમ. પટેલે ગત સપ્તાહ દરમિયાન સિક્યુરિટી ગાર્ડ્સને એજન્ટોના પ્રવેશ મુદ્દે કડક સૂચનાઓ આપી હતી. આ બાબતે બે સિક્યુરિટી ગાર્ડ્સના લેખિત નિવેદન પણ લેવામાં આવ્યા હતા તેમજ સિક્યુરિટી એજન્સીના હેડને બોલાવીને આડેહાથ લેવાયો હતો. તાજેતરમાં મહેસાણા આરટીઓ કચેરીમાં એજન્ટોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયા બાદ હવે સુરત આરટીઓ કચેરીમાં પણ એજન્ટો માટે દરવાજા બંધ કરવામાં આવતા આ નિર્ણય ચર્ચાનો વિષય બન્યો છે.

## કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે સુરત ડીઈઓની મહત્ત્વપૂર્ણ મુલાકાત

# સુરતમાં હવે ઓડિયા ભાષાનું પણ સંવર્ધન કરાશે

**ધર્મેન્દ્ર** પ્રધાને મુલાકાત અધિકૃત ઇન્સ્ટાગ્રામ પેજ પર પણ શેર કરતાં રાષ્ટ્રીય સ્તરે પણ ધ્યાન મળ્યું

સુરતઃ સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. ભગીરથસિંહ પરમારે કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની નવી દિલ્હીમાં મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન સુરતમાં મોટી સંખ્યામાં વસતા ઓડિયા સમાજના શૈક્ષણિક પ્રશ્નો અને માતૃભાષા ઓડિયા ભાષાના સંવર્ધન માટે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે 'સુરત ઓડિયા સમાજ'ના પ્રતિનિધિઓ ભગીરથિ બેહેરા અને શ્રીકાંત રાઉત પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે માતૃભાષાનું મહત્ત્વ અતિ મહત્ત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાનો જે હેતુ છે, તે દિશામાં સુરત ઓડિયા સમાજ દ્વારા લેવામાં આવતી પહેલો સ્વાગત યોગ્ય છે અને તે માતૃભાષાના સંરક્ષણ અને વિકાસ માટે મદદરૂપ બનશે.



### ડીઈઓ દ્વારા ઓડિયા માધ્યમ માટે ચાર મુખ્ય માંગણી રજૂ કરાઈ

» ઓડિયા માધ્યમના ઉમેદવારોને TAT પરીક્ષામાં હિન્દી અથવા અંગ્રેજી પ્રશ્નપત્ર દ્વારા પરીક્ષા આપવા મંજૂરી આપવામાં આવે.
» સુરત શહેરમાં નવી ઓડિયા માધ્યમની માધ્યમિક શાળાઓની સ્થાપના કરવામાં આવે.
» સુરતમાં ઓડિયા માધ્યમનું ઉચ્ચતર માધ્યમિક (Higher Secondary) વર્ગ શરૂ કરવામાં આવે.
» પાઠ્યપુસ્તકોની સમસ્યાના કાયમી ઉકેલ માટે ઓડિશામાં NCERT પેટર્ન લાગુ કરવાની કાર્યવાહી કરવામાં આવે.

### કેન્દ્રીય મંત્રીએ ડે.સીએમ સાથે ફોન પર ચર્ચા કરી ઇન્સ્ટાગ્રામ પર માહિતી શેર કરી

આ માંગણીઓ રજૂ થયા બાદ કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે ફોન પર ચર્ચા કરી હતી. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ડો. ભગીરથસિંહ પરમારની ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરી હતી તથા ગુજરાત અને સુરતના શિક્ષણ વિભાગના હિતમાં સંભવિત તમામ સહાય કરવા અંગે સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. આ મહત્ત્વપૂર્ણ મુલાકાત બાદ કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જિલ્લા શિક્ષણ અધિકારી સાથેની મુલાકાતના ફોટોગ્રાફ્સ સહિતની વિગત તેમના અધિકૃત ઇન્સ્ટાગ્રામ પેજ પર પણ શેર કરી હતી, જેના કારણે આ મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે પણ ધ્યાન મળ્યું છે.

# હીરાબુર્સ માટે તારીખ પે તારીખ

**અગાઉ** આસો સુદ પાંચમે 23 જાન્યુઆરી-2026થી SDBની તમામ ઓફિસો શરૂ કરવા સહમતિ બની હતી

**મહિધરપુરાના** હીરા વેપારીઓ હવે 18 ફેબ્રુ.થી ડાયમંડ બુર્સમાં ઓફિસો શરૂ કરશે



સુરતઃ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મહિધરપુરા હીરા બજારના વેપારીઓએ 18 ફેબ્રુઆરીથી સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસો શરૂ કરવા ખાતરી આપી છે. અગાઉ, આસો સુદ પાંચમે 23 જાન્યુઆરી 2026થી SDBની તમામ ઓફિસો શરૂ કરવા સહમતિ બની હતી. હવે વ્હાઈટ પાતળા, સોલિટેર, લાઈટ બ્રાઉન અને લેબગ્રોન ડાયમંડના કેટલાક વેપારીઓએ 18 ફેબ્રુઆરીથી પોતાનો વેપાર SDBમાં શરૂ કરવા ઉદ્યોગમંત્રીની હાજરીમાં ખાતરી આપી છે. આજે સુરત ડાયમંડ બુર્સ કમિટીના કેટલાક સભ્ય, મહિધરપુરા, વરાછા અને કતારગામ વિસ્તારના હીરા વેપારીઓ, બ્રોકરો, નાના વેપારીઓ હર્ષ સંઘવીને મળ્યાં હતા. એ ઉપરાંત જેમણે સુરત ડાયમંડ બુર્સમાં ડાયમંડ ટ્રેડિંગ ઓફિસો, કેબિનો, ટેબલ રાખ્યા છે તેઓ પણ ઓફિસ શરૂ કરશે. મહિધરપુરા, વરાછા અને કતારગામ વિસ્તારના હીરા વેપારીઓ, બ્રોકરો, નાના વેપારીઓ, નેચરલ ડાયમંડના વેપારીઓ, CVD ડાયમંડના વેપારીઓ બધા વચ્ચે સર્વાનુમતે આ તારીખ નક્કી થઈ છે. 18 ફેબ્રુઆરીએ વેપારીઓ મહિધરપુરાની ઓફિસો બંધ કરીને ડાયમંડ બુર્સમાં કાર્યરત થશે, જેનાથી નાના વેપારીઓ અને દલાલોને સૌથી વધુ ફાયદો થશે. હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, નાના વેપારીઓ અને દલાલોને એક જ કોમ્પ્લેક્સમાં કામ કરવાનો સૌથી વધુ લાભ મળશે અને હીરા બજાર વિશ્વભરના વેપારીઓ માટે એક પ્રેરણારૂપ કેન્દ્ર બનશે.

### મહિધરપુરા હીરાબજાર પર વર્ચસ્વ ધરાવનારા વેપારીઓ હજુ નિરુત્સાહી

ચર્ચા એવી છે કે, સુરત ડાયમંડ બુર્સમાં શિફ્ટ થવા વરાછા મીનીબજાર, ચોક્સી બજાર, કતારગામ નંદુ ડોશીની વાડી વિસ્તારના વેપારીઓ તૈયાર છે. પણ મહિધરપુરા હીરા બજાર પર વર્ચસ્વ ધરાવતા પાલનપુર, ડીસા, ધાનેરાના જૈન વેપારીઓએ એટલો ઉત્સાહ દર્શાવ્યો નથી. તેઓને મનાવવાનું કામ ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી અને અરવિંદ અજબાની, અશેષ દોશીએ ઉપાડ્યું છે. SDB કેમ્પસમાંથી રાષ્ટ્રીયકૃત અને પ્રાઇવેટ બેંકોની બ્રાંચ બંધ થઈ ગઈ હતી. અમૂલ પાર્લર અને સુમુલ બ્રાન્ડની રેસ્ટોરન્ટ પણ બંધ થઈ ગઈ હતી.

# અમરોલીમાં લોન એજન્ટે ફાંસો ખાઈ લીધો

સુરતઃ અમરોલીમાં લોન એજન્ટે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી અનુસાર, મૂળ અમરેલી જિલ્લાના કુકાવાવના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલા રિલાયન્સ નગરમાં રહેતો 29 વર્ષીય વિશાલ મોહનભાઈ સોલંકી લોન એજન્ટ તરીકે કામ કરતો હતો.

તેમની પત્નીને છેલ્લા ઘણા વર્ષોથી બ્લડ કેન્સર હતું. જેની દવા અમદાવાદ ખાતે ચાલતી હતી. દરમિયાન ઉતરાયણના દિવસે પત્ની પુત્રને લઈને અમદાવાદ ખાતે દવા લેવા ગઈ હતી. ત્યારે તેણે ઘરે ફાંસો ખાઈ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, તેણે કયા કારણસર આત્મહત્યા કરી લીધી તેની તપાસ હાલમાં તો પોલીસ ચલાવી રહી છે જે પૂર્ણ થયા પછી જ સાચુ કારણ બહાર આવશે.

# વેરો નહીં ભરનાર ટેક્સટાઈલ માર્કેટ પર તવાઈ

**મિલકત** ટાંચમાં લઈ વેરાની વસૂલાત, 1.52 કરોડ વસૂલાયા

સુરતઃસુરત મનપાના લિંબાયત ઝોનના આકરણી વિભાગ દ્વારા સુરત ટેક્સટાઈલ્સ માર્કેટ, સિલ્ક સિટી માર્કેટ, અનુપમ માર્કેટ, અભિષેક માર્કેટ, મિલેનિયમ માર્કેટ, રાધે માર્કેટ, સાગર માર્કેટ, ગણેશ માર્કેટ તથા અન્ય માર્કેટોમાં આવેલી કોર્મર્શિયલ મિલકતોમાં વેરા વસૂલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવી હતી. જેને પગલે લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતાં કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવી હતી. જેને પગલે કરદાતાઓએ સ્થળ પર જ 51,17,171 રૂપિયા ભરપાઈ કરી દેવામાં આવ્યા હતા. વેરા વસૂલાત ઝુંબેશ દરમિયાન કુલ 1,52,89000 વસૂલાત કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ 337.21 કરોડ ડિમાન્ડની સામે કુલ 198.32 કરોડ એટલે કે 58.81 ટકાની વસૂલાત કરવામાં આવી છે.

# શહેર કોંગ્રેસે પ્રભાવક 'જન આક્રોશ યાત્રા' યોજી

**વિધાનસભા** કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ મ્યુનિ. કમિ.ને આવેદનપત્ર આપ્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવતાં જ શહેરમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ભાજપ શાસિત મનપા સામે નાગરિકોના પડતર પ્રશ્નોને લઈને શહેર કોંગ્રેસે આજે શક્તિશાળી અને પ્રભાવક 'જન આક્રોશ યાત્રા' કાઢી રાજકીય માહોલ ગરમાવી દીધો હતો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ કતારગામ દરવાજાથી મુગલસરાઈ સ્થિત સુરત મહાનગરપાલિકા કચેરી સુધી જન આક્રોશ યાત્રા યોજાઈ હતી. યાત્રામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓનો વિશાળ સમૂહ જોડાયો હતો, જેના કારણે સમગ્ર માર્ગ પર કોંગ્રેસી શક્તિપ્રદર્શન જોવા મળ્યું હતું. આ યાત્રામાં વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, દક્ષિણ ઝોનના પ્રભારી શ્રીનિવાસન, ભૂતપૂર્વ મંત્રી ભરતસિંહ સોલંકી સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. મનપા કચેરી પહોંચ્યા બાદ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.


बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

રીઝનલ ઓફીસ : સુરત શહેર ક્ષેત્ર, પ્લોટ નં. ૬-બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન નં. : ૦૨૬૧- ૨૨૯૪૬૩૧/૮૮૮૮૫૫૬૧૭
ઈ- મેઈલ : recovery.suratdistrict@bankofbaroda.com

**વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ**

બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો "જયાં છે ત્યાં છે" અને "જેમ છે તે પ્રમાણે છે" પર બેકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જયારે બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

**હરાજીની તા.૦૪/૦૨/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તારીખ અને સમય : ૨૧/૦૧/૨૦૨૬, ૧૦ મીનીટ ના વધારા સાથે**

| અ. નં. | દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું | વાહન ની વિગતો | બાકી લેણા (રૂ. લાખમાં) | અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ | ૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશભાઈ સનમુખભાઈ મૈસુરીયા પટેલ ફળીયુ મુ. પોસ્ટ. હરીપુરા તા. પલસાણા, પીનકોડ :૩૯૪૩૨૫ સુરત. | 1.Regd. No:- GJ19AM8072 2.Date of Reg.:- 07-01-2019 3.Make:-TATA Motors LTD 4.Model:- TATA HEXA XT4X2 VARICOR BSIV 5.Color:- Pearl White 6.Km Reading:- 85827 KM 7.Fuel Used:- Diesel | રૂ.૧૮.૫૪ + અન્ય ચાર્જીસ | ૧) રૂ. ૫,૧૫,૦૦૦.૦૦ ૨) રૂ. ૧૫,૫૦૦.૦૦ ૩) રૂ. ૧૦,૦૦૦.૦૦ | ૧. ખાતા નં. ૦૭૩૦૦૦૧૫૧૮૧૮૬૯ ૨. IFSC : BARB0UMBHEL ૩. બેંક ઓફ બરોડા ઉમ્ભેળ શાખા ૪. ટીલારા વિપુલ કિરીટભાઈ મો : ૯૯૨૫૪૨૯૯૯૪ |

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| અનું. નં.૧ | BAANKNET મિલકત આઈડી : BARB017924713 | હરાજી આઈડી –૨૩૯૪૯૧ |

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : + ૮૮૮૮૮૫૫૬૧૭, + ૯૯૨૨૩૪૪૬૩૪

તારીખ : ૨૦.૦૧.૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા